सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૧૫/૦૫/૨૦૧૩

રજી લીધા તારીખ : ૧૫/૦૫/૨૦૧૩

નિકાલ તારીખ : ૧૧/૦૩/૨૦૨૫

સમય : વર્ષ : , માસ : , દીવસ :

**અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, શ્રી આર.એ.અગ્રવાલ સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર**

**ક્રિ.કેસ.નંબર : ૫૩૧/૨૦૧૩**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વીરુધ્ધ**

**આરોપી:૦૧)મુકેશભાઈ સોમાભાઈ જાતે સુમેસરા**

**રહેવાસી:** ૩૬/૧ આનંદ ફલેટ બાપુનગર અમદાવાદ શહેર

---

ગુનો : **ઈ.પી.કો ની કલમ ૩૨૩,૨૯૪(ખ),તથા જી.પી.એકટની કલમ ૧૩૫ (૧) મુજબ**

---

ફરીયાદપક્ષે:**વી.એપીપી.શ્રી.બી.એચ.જાની**

આરોપીપક્ષે:**વી.વકીલ.શ્રી.**

---

# – ચુકાદો –

**૦૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે આ કામના

આરોપીએ તા:૨૪/૦૪/૧૩ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર અનંદ ફ્લેટ બ્લોક નં ૬૯/૨ ની પાછળ રાધેનામના છોકરા ને પીચ ઉપર બેટ ન પછાડવા કહેતા આ કામના આરોપીએ રાધેના હાથમાનુ લાકડાનુ બેટ લઈ સાહેદ નં ૮ નિરવને કમરના તથા જમણા પગની સાથળના ભાગે મારી દઈ આ બાબતે ફરીયાદી તથા સાહેદ નં ૫ દિલીપભાઈનાઓ સમજાવવા જતા તેઓને જાહેરમા ગંદીગાળો બોલી ઈપીકો ની કલમ ૩૨૩ , ૨૯૪(ખ) , તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો કરેલ છે જે અંગેની ફરીયાદ ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશનમા આપેલી.

**૦૨)** આ કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામા આવેલ છે જે સમન્સને ધારા ધોરણસર બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ જેથી ક્રિ. પી.કોડની કલમ ૨૦૭ અન્વયે ની જોગવાઈ નું પાલન કરવામા આવેલ અને આરોપીની સામે તહોમતનામું નોંધવામા આવેલ છે. અને ત્યારબાદ ગુના સબબ આરોપીની પ્લી નીવેદન નોંધવામા આવેલ છે તેમા તેઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવતા સદર ગુન્હો તેઓને કબુલ ન હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવે છે.

**૦૩)** ફરીયાદપક્ષે તરફથી નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવમા આવેલ છે.

**<u>મૌખીક પુરાવા</u>**

| **ક્રમ** | **ફરીયાદી/સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | એ.એસ.આઈ બાબુભાઈ સાંજાભાઈ લત્તાની જુબાની | આંક ૦૬ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૭ |

| | | |
|---|---|---|
| ૦૨ | પંચનામુ | ૦૮ થી ૦૯ |
| ૦૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૦ |
| ૦૪ | જાહેરનામુ | ૧૧ |

**૦૪)** ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણયો સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થીત થાય છે.

**– ૦ મુદ્દાઓ ૦ –**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છેકે, આ કામના આરોપીએતા:૨૪/૦૪/૧૩નાકલાક૧૮/૩૦વાગ્યાના સુમારે બાપુનગર અનંદ ફલેટ બ્લોક નં ૬૯/૨ ની પાછળ રાઘેનામના છોકરા ને પીચ ઉપર બેટ ન પછાડવા કહેતા આ કામના આરોપીએ રાઘેના હાથમાનુ લાકડાનુ બેટ લઈ સાહેદ નં ૮ નિરવને કમરના તથા જમણા પગની સાથળના ભાગે મારી દઈ આ બાબતે ફરીયાદીતથા સાહેદ નં ૫ દિલીપભાઈનાઓ સમજાવવા જતા તેઓને જાહેરમા ગંદીગાળો બોલી ઈપીકો ની કલમ ૩૨૩ , ૨૯૪(ખ) , તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ ગુનો કરેલ છે?

**૦૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧... નકારાત્મક.**

**૨... આખરી હુકમ મુજબ.**

**૦૬)** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**– ૦ કા ર ણો ૦–**

**૦૭)** ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે

૦૮) સદર કેસ ઘણો જુનો ૨૦૧૩ નો હોય જેથી આ કામના ફરીયાદી તથા સાહેદો ને અવાર નવાર સમન્સ કરવામા આવેલ જે સમન્સ સરનામાના અભાવે કે ગુજરી ગયેલ હોય તેવા શેરા સાથે પરત થયેલ છે.

૦૯) પોલીસ સાહેદની જુબાની આંક ૦૬ થી બાબુભાઈ સાંજભાઈ લત્તા ની જુબાની મેળવવામા આવેલ છે જો તેઓની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓ તેમા જણાવે છેકે હું છેલ્લા ઘણા સમયથી બાપુનગર પોલીસ સ્ ટેશનમા ફરજ બજાવું છું મે મારી ફરજ દરમ્યાન ઘણા તપાસ કરનાર અધિકારીઓ સાથે કામ કરેલ છે જેથી હું તેમના તરફથી કરવામા આવેલ કોર્ટ કાર્યવહીથી અવગત છું વધુમા જણાવે છે કે હાલની ફરીયાદ ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશનમા અપેલી રજુ આંક ૦૭ થી છે હાલના કેસને ઘણા સમય ગયેલ હોય જેથી ફરીયાદી કે સાહેદો મળી આવતા નથી તે હું રેકોર્ડ જોઈને કહી શકું છું.

**૧૦)** ઉપરોકત ચર્ચા જો ધ્યાને ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને જ તપાસી શકેલ ન હોય તેવુ અત્રેની કોર્ટ ના રેકોર્ડ પર આવેલ છેજેથી ફરીયાદપક્ષને કેસ સાબીત કરવા માટે મરણતોડ ફટકો પડેલ છે વધુમા અન્ય કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી ફકત એક માત્ર જે પોલીસ સાહેદને તપાસવામા આવેલ છે તેઓએ ફકત રેકોર્ડ આધારીત જુબાની આપેલ છે પરંતુ તે જુબાની ધ્યાને લેતા આક્ષેપીત ગુના પુરવાર થતા નથી.

આમ ખરેખર આવો કોઈ બનાવ બનેલ છે કે કેમ તે બનાવ આરોપીનાઓ દ્વારા જ સર્જાયેલ છે કે કેમ તે અંગે લેશ માત્ર પુરાવો કોર્ટ સમક્ષ પુરવાર થતો નથી જેથી તે સંજોગો મા ફરીયાદપક્ષપોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદા નંબર ૧ નો જવાબ નકારાત્મક** તથા **મુદદા નં ર નો જવાબ આખરી હુકમ** મુજબ રહેશે.

**– ૦ હુકમ ૦ –**

**૦૧)** આ કામના આરોપીનાઓને **ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧)** હેઠળ ઈ.પી.કો ની કલમ **૩૨૩,૨૯૪(ખ),તથા જી.પી.એકટની કલમ ૧૩૫ (૧) મુજબ** ના ગુનામાંથી **નીર્દોષ** છોડી મુકવામા આવે છે.

**૦૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના ૫૦૦૦ ના જામીન રજુ કરવાના રહેશે. અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૩)** મુદદામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા– **૧૧,** માહે– **માર્ચ ,** સને– **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૩/૨૦૨૫ **( આર.એ.અગ્રવાલ )**

અમદાવાદ શહેર ૧૦માએડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

સાહેબ શ્રી ની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર

જી.જે.૦૦૯૩૩